RNI No. GUJGUJ/2011/44815

શ્રી રઘુવંશ સદા વિજયતે

વર્ષ : ૫

માર્ચ - ૨૦૧૬

કિંમત - રૂ.૧૦/-

શ્રી લોહાણા મહાપરિષદ
શ્રી સૂર્યવંશી વિજયતે
સંનિષ્ઠા, સંગઠન, સેવા દ્વારા સિદ્ધિ



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ





# માતૃસંસ્થાની અટારીએથી...

## જય જલારામ...

## જય રઘુવંશ...

## જય મહાપરિષદ

પરમપ્રિય જ્ઞાતિબંધુ – ભગિનીઓ,

સંત કવિ પ.પૂ. ભાણસાહેબ સમાધિ સ્થાન કમીજલા ખાતે ૧૪, ફેબ્રુઆરીના રોજ યોજાઈ ગયેલા આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનનો ખુમાર હજુ અનુભવાય છે. રઘુવંશી લોહાણા સમાજના સંગઠન માટે  શ્રી લોહાણા મહાપરિષદના ઈતિહાસમાં આ સંમેલન એક સીમાચિન્હ બની રહેશે. આપણા સમાજના ઉત્કર્ષ અને ચર્ચા–ચિંતા માટે લગભગ ૩૫ થી ૪૦ હજાર જેટલી મોટી સંખ્યામાં જ્ઞાતિજનો– આબાલ–વૃધ્ધજનોની ઉપસ્થિતિ એ છેલ્લા અનેક દાયકાઓની અનોખી અને પ્રથમ ઘટના છે એટલે જ એ એક ઐતિહાસિક ઘટના બની રહી છે. માત્ર જ્ઞાતિજનોની ઉપસ્થિતિની દૃષ્ટિએ જ નહીં તો, સંમેલનના આયોજન, વ્યવસ્થા, શિસ્ત, મંચ પર ઉપસ્થિતિ મહાનુભાવો, સંમેલનમાં થયેલા પ્રવચનો અને પ્રોજેક્ટસ્‌ની ઘોષણાઓ તેમજ પુરૂષો જેટલી જ સંખ્યામાં મહિલાઓ સાથે બાળકોની હાજરીની રીતે પણ આ સંમેલન અનોખું અને ઐતિહાસિક બની રહ્યું. આપ સૌ જ્ઞાતિજનોના સક્રીય સહયોગ વિના એ શક્ય બન્યું ન હોત.

આ સંમેલને ત્યાં ઉપસ્થિતિ રહેલા પ્રત્યેક જ્ઞાતિજનને એ વાતની પ્રતીતિ કરાવી છે કે લોહાણા સમાજ હવે કરવટ બદલી રહ્યો છે. સમાજના ઉત્કર્ષ અને વિકાસ માટે તેનું પ્રયાણ શરૂ થઈ ચૂક્યું છે. પોતાના પ્રશ્નો ઉકેલવા માટે એ સ્વયં જાગૃત બન્યો છે. સમાજના વ્યથિત બાંધવોની વહારે આવવા માટે એ સ્વયંપ્રેરિત અને સક્ષમ બની રહ્યો છે. સગંઠનની મહત્તા તેને સમજાઈ છે. સંમેલનમાં ઉપસ્થિત રહેલા સૌએ રઘુંવશી સમાજના ગૌરવશાળી ઈતિહાસની ઝલક મેળવીને આવો ઐતિહાસિક વારસો ધરાવતા સમાજના પોતે અંગભૂત હોવાનાં ગૌરવની અનુભૂતિ કરી. સંમેલનમાં ઉપસ્થિત રહેનારા સૌ સમાજની એક ઐતિહાસિક ઘટનાના સાક્ષી બન્યા. સમાજની શકિતના સાક્ષાત્કારની એ ક્ષણો જીવનભર યાદ રહેવાની છે. વર્તમાન જીવનના વ્યકિતગત અને સામુદાયિક પડકારો ઝીલવામાં આપણે એકલા નથી, આખો સમાજ આપણી સાથે છે, એવો ભાવ સૌના હ્રદયમાં જાગૃત થયો. લોહાણા સમાજ માટે આ કોઈ નાનીસુની ઘટના નથી. લોહાણા સમાજ પોતાના સંગઠન દ્વારા પોતાની એક નવી ઈમેજ, નવી છબિનું નિર્માણ કરી રહ્યો છે. આપણા આ કાર્યમાં આપણા પૂર્વજોના આશીર્વાદ અને પૂ.જલારામબાપાની કૃપા અવિરત આપણા પર વરસી રહી છે. પૂ.મોરારીબાપુ અને પૂ.જાનકીદાસબાપુની શુભેચ્છા અને સહયોગ આપણા કામમાં નવું બળ પુરું પાડે છે. સંમેલનમાં આપણા ગતિશીલ ગુજરાતના મુખ્યપ્રધાન શ્રીમતી આનંદીબહેન પટેલે આપણા સમાજ માટે વ્યક્ત કરેલા ઉદ્‌ગારોને આપણે ક્યારેય ભૂલી શકીએ નહીં. તેનાથી આપણા સમાજની નિ:સ્વાર્થ સેવાભાવનાને પ્રતિષ્ઠા સાંપડી છે.

સંમેલનમાં વિદેશથી આવેલા રઘુંવશી મહાનુભાવોની હાજરીએ સંમેલનને ખરા અર્થમાં આંતરરાષ્ટ્રીય સ્વરૂપ આપ્યું. તેમાંના કેટલાકને શ્રી લોહાણા મહાપરિષદની જવાબદારી પણ સુપરત કરી,જે તેઓએ સહર્ષ સ્વીકારી સંગઠનને વૈશ્વિક સ્તરે સુદ્દઢ કરવાની તત્પરતા દાખવી છે. સંમેલનમાં દેશના અનેક રાજયો અને ગુજરાતના તમામ જિલ્લાના લોકોની ઉપસ્થિતિ હતી. સંમેલનને ભવ્ય અને સફળ બનાવવા માટે ગત ડિસેમ્બર માસથી જ માતૃસંસ્થાના હોદ્દેદારો, શુભેચ્છકો, કાર્યકરો અને ગામેગામના મહાજનો કામે લાગી ગયા હતા. સૌની રાત–દિવસની મહેનત લેખે લાગી. સંમેલનની સફળતામાં એ સૌના પ્રદાનને ભૂલી શકાય નહીં. પૂ.ભાણસાહેબની ગાદી સંસ્થા અને પૂ.શ્રી જાનકીદાસબાપુના અનન્ય સહયોગ વિના આ સંમેલન શક્ય બન્યું ના હોત. ભાઈ શ્રી હિમાંશુ અને શ્રી લોહાણા મહાપરિષદની ટીમે આગવી સૂઝથી સમાજની હકારાત્મક શક્તિઓને સુસંકલિત કરી લયબધ્ધ રીતે કાર્યક્રમની સુંદરતાને આગવી સધ્ધરતા બક્ષી. આ સૌ અભિનંદનના અધિકારી છે.

ગત્ દિવસોમાં વિવિધ સામાજિક સંસ્થાઓ તથા મહાજનો દ્વારા યોજાયેલા સમૂહલગ્નોત્સવમાં જે જે રઘુવંશી પરિવારો એક નવા સંબંધથી જોડાયા છે તે તમામને અભિનંદન, નવદંપતિઓને હ્દયપૂર્વકની શુભેચ્છાઓ અને આયોજકોને વંદન...

ગત્ દિવસોમાં મુળ ડીસાના અને અમદાવાદ ખાતે રહેતા દિનેશભાઈ મગનલાલ દક્ષિણીની નજીવા કારણસર  રાજકોટ ખાતે અતિશય માર મારી હત્યા કરવામાં આવી જે સમગ્ર રઘુવંશી સમાજ માટે શરમજનક બાબત છે. અકાળે મૃત્યુ પામનાર જ્ઞાતિબંધુને ન્યાય મળે અને આવી ઘટનાઓ ન બને તે માટે સર્વે સંસ્થાઓ તથા મહાજનોએ આવેદનપત્ર તેમજ વ્યક્તિગત રીતે સર્વે પરિવારોએ મુખ્યમંત્રીશ્રીને પોસ્ટકાર્ડ લખી ન્યાય મેળવવા માટે કટિબધ્ધ થવું પડશે.

આ સંમેલન આપણી સંગઠન–યાત્રાનો એક માઈલ સ્ટોન માત્ર છે, મંઝીલ નહીં, મંઝીલે પહોંચવા માટેની આ યાત્રા ચાલુ રહેશે. આપ સૌના સહયોગની અપેક્ષા સાથે

આપ સૌનો શુભાકાંક્ષી

**પ્રવિણ ટી. કોટક**

**પ્રમુખ - શ્રી લોહાણા મહાપરિષદ**

વર્ષ : ૫
માર્ચ - ૨૦૧૬
અંક : ૫૨
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : તરૂણ દત્તાણી
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)
રાષ્ટ્રીય સંકલક : નરેન્દ્ર દાવડા
વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : સંજય પાઉ (રાયપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)
રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
સભ્યપદ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : ૧૮ સળંગ અંક : ૨૧૦

ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
lmppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreelmpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

માતૃસંસ્થાની અટારીએથી.......... ૨
તંત્રી લેખ.......... ૩
આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન.......... ૪
પૂ.મોરારીબાપુના આર્શીવચન (શબ્દશ:).......... ૧૧
કાર્યાલય સમાચાર.......... ૧૩
સંસ્થા સમાચાર.......... ૧૪
રામકથા.......... ૧૫
જાહેરાત.......... ૧૬

તંત્રી લેખ

## આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન : લોહાણા સમાજની વિરાટ શક્તિના લઘુ સ્વરૂપનું દર્શન

“અહીં છે શું ? શા માટે આટલા લોહાણાને અહીં એકઠા કર્યા છે ?” કમીજલા ખાતેના ૧૪ ફેબ્રુઆરીના આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનમાં કેટલાકના મુખેથી આવા સવાલ સંભળાતા હતા. લોહાણા સમુદાયના સામાજીક જીવનમાં આ રીતે એકત્ર થવાની, સંમેલનો યોજવાની કે શકિત પ્રદર્શન કરવાની પ્રણાલી રહી નથી એટલે આવા સવાલો થવા સ્વાભાવિક હતા. અનેકના મનમાં સંમેલનના ઉદ્દેશ કે કારણ વિશે પણ સ્પષ્ટતા ન હોવાથી અકારણ, નિરૂદ્દેશે એકઠા થવા અંગે પણ આશ્ચર્ય પ્રગટ થતું હતું. આખરે તો લોહાણા સમાજ વેપારી વૃતિ–પ્રવૃતિનો છે એટલે સંમેલનમાં સમય અને શકિતના વ્યયમાં પણ વ્યકિતગત નહીં તો સામુદાયિક લાભ શોધવાની પ્રવૃતિ સ્વાભાવિક છે. આ સંમેલનમાં આવેલા અનેકોને માટે જ્યાં સુધી કાર્યક્રમનો આરંભ ન થાય અને શ્રી લોહાણા મહાપરિષદ પ્રાયોજીત પ્રોજેક્ટસની જાહેરાતો ન થાય ત્યાં સુધી ઉત્કંઠા અને ઉત્સુક્તાનો માહોલ સભામંડપમાં હિલોળા લેતો હતો. કાર્યક્રમના આરંભ સાથે એક પણ પ્રવચનોને પગલે ઉદ્દેશોની સ્પષ્ટતા સાથે ઉપસ્થિત સૌ સમાજની એક ઐતિહાસિક ઘટનાના સાક્ષી અને સહભાગી બન્યાની ધન્ય ક્ષણોની અનુભૂતિ કરી રહ્યા હતા. રઘુવંશી લોહાણા સમાજની વિરાટ શકિતનું એ લઘુ સ્વરૂપ હતું. આ શકિતનો સાક્ષાત્કાર વ્યકિત અને સમાજને સમયાંતરે થતો રહે આવશ્યક છે, આવી સમજ પણ આ સંમેલન દ્વારા વિકસી છે. એટલે આવા સંમેલન દ્વારા વ્યકિત અને સમાજના આત્મવિશ્વાસમાં અનન્ય વૃધ્ધિ થાય છે, એ જ આ સંમેલનની ફલશ્રુતિ છે. આ મારો સમાજ છે, ગતિશીલ છે અને હું તેનો અંગભૂત છું, એવી ભાવનાનું બીજારોપણ આ સંમેલનના માધ્યમથી થયું છે, એ ભૂલવા જેવું નથી. આ ભાવના જ સૌને સમાજકાર્યમાં પોતાના પણ યથાશકિત યોગદાન માટે પ્રેરિત કરશે. એટલે આ સંમેલનની લાંબા ગાળાની ફલશ્રુતિનું તાત્કાલીક મૂલ્યાંકન થઈ શકે તેવું નથી એ અમૂલ્ય છે. અન્ય સમાજે પણ એકત્ર થાય છે અને શક્તિ પ્રદર્શન કરે છે પરંતુ રઘુવંશી સમાજનું આ શક્તિ પ્રદર્શન એ બધાથી તદ્દન ભિન્ન હતું. અહીં સરકાર, સમાજ કે તંત્ર પાસેથી કાંઈ લેવા કે માગવાનું ન હતું. કોઈ માગણી કે અપેક્ષા ન હતી. બલ્કે સમાજને કશુંક આપવાનું હતું. સમાજને માટે સેવા,સમર્પણ અને સંગઠનનો મેસેજ હતો. સમાજ માતૃસંસ્થાના માધ્યમથી સમાજના ઘટકોને કાંઈક આપવા માગે છે. શિક્ષણ અને આરોગ્યના પ્રોજેક્ટની જાણકારી અને સમાજની નાનામાં નાની વ્યકિતને ઉપયોગી થવા માટે તમામ પરિવારોને માતૃસંસ્થા સાથે સંલગ્ન કરવા માટેના 'મીસકોલ' પ્રોજેક્ટ, રક્તદાન પ્રોજેક્ટ, સ્વાસ્થ્ય સેવા માટેના સૂચિત અંબાજી હોસ્પીટલ પ્રોજેક્ટ કે જે સમગ્ર રાજયના સમાજના તમામ વર્ગો, સમુદાયો માટે ખુલ્લો રહેવાનો છે તેની જાહેરાતે સંમેલનમાં મંચ પરના પૂ. મોરારીબાપુ અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સહિતના મહાનુભાવો અને ઉપસ્થિત સૌને અભિભૂત કર્યા. સંમેલનમાં દૂર–સુદૂરના વિસ્તારોમાંથી આવેલા લોકો માટે તો પોતાના સમાજમાં માતૃસંસ્થા દ્વારા આટલી સક્રિયતા અને સમર્પણભાવ સાથે આવી ઉમદા પ્રવૃતિ થઈ રહી હોવાની જાણકારી જ સૌ પ્રથમવાર પ્રાપ્ત થઈ હતી અને એટલે એવા લોકોની ભાવવિભોર અવસ્થા અવર્ણનીય બની રહી. માતૃસંસ્થાના આવા અનેકવિધ કાર્યો અને પ્રવૃતિઓને સમાજ–દેવતા સમક્ષના અન્નકૂટ સ્વરૂપ ગણાવીને તેમાં તુલસીપત્ર રૂપે પૂ.મોરારીબાપુએ જ્યારે સ્વયં પોતાના યોગદાન રૂપે રૂા.૧૧ હજારનો ચેક મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકને અર્પણ કર્યો ત્યારે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા કેવાં અદ્ભુત મહાન કાર્યો થવા જઈ રહ્યા છે તેની સૌને પ્રતીતિ થઈ હતી. સંમેલનની આ બધી ક્ષણો ઐતિહાસિક હતી. સંમેલનની આવી અનેક વાતો હરિઅનંત, હરિકથા અનંતા જેવી છે. 'રઘુકુળ વિશ્વના' આ અંકમાં તેનો સ–તસ્વીર શાબ્દિક સાક્ષાત્કાર કરાવવાનો પ્રયાસ કર્યો છે.

**તરુણ દત્તાણી**
**તંત્રી**

# આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન

## હજારો રઘુવંશીઓનો શંખનાદ

સંત કવિ પૂ.શ્રી ભાણસાહેબના સમાધિસ્થાન કમીજલા ખાતે પૂ.મોરારિબાપુની રામકથાના આયોજનની પ્રક્રિયા દરમિયાન કમીજલા ગાદીસંસ્થાના પૂ.શ્રી જાનકીદાસબાપુને રઘુવંશી લોહાણા સમાજના સંમેલનનો વિચાર સ્ફૂર્યો અને આ વિચાર તેમણે શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકને આપ્યો એટલું જ નહીં તો તેમણે આ સંમેલન માટે કમીજલામાં રામકથા દરમિયાન બધી જ સુવિધા અને વ્યવસ્થા તેમજ તમામ પ્રકારનો સહયોગ પૂરો પાડવાની તૈયારી દર્શાવી. પૂ. જાનકીદાસબાપુના આ આમંત્રણને વધાવી લઈને પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે આ સંમેલનનો વિચાર માતૃસંસ્થાના તેમના સાથીઓ સમક્ષ રજૂ કર્યો બધાને આ વિચાર ગમ્યો એટલું જ નહીં તો રામકથા નિમિત્તે આ સંમેલનને વિશાળ અને ભવ્ય બનાવવા માટે ભરપૂર પુરુષાર્થ કરવાની તૈયારી સૌએ દર્શાવી એ પછી સુરતમાં ગત વર્ષના ઓક્ટોબર માસમાં શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી બેઠકના એજન્ડામાં આ સંમેલનના આયોજનનો સમાવેશ કરવામાં આવ્યો. કારોબારીની બેઠકમાં તમામ હોદ્દેદારો અને સભ્યોને પણ આ વિચાર ગમ્યો અને સૌએ એકી અવાજે તેને બહાલી આપી. એ સાથે જ ત્યાં સંમેલન માટે સુચનો પણ થયા અને ત્યાં જ સંમેલન માટે ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૬ ને રવિવારનો દિવસ નક્કી કરવામાં આવ્યો સંમેલનને આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનનું સ્વરૂપ આપવાનું નક્કી થયું. એટલે માત્ર ભારતમાંથી જ નહીં તો વિદેશમાં વસતા રઘુવંશી લોહાણા સમાજના પરિવારોને આમંત્રિત કરવાનું નક્કી કરવામાં આવ્યું આમ આ મહત્ત્વાકાંક્ષી સંમેલનનું બીજારોપણ સુરતની કારોબારી સભામાં જ થઈ ગયું હતું. સંમેલનની તૈયારીનો આરંભ પણ ત્યાંથી જ શરૂ થઈ ગયો. અલબત્ત એ પછી નવરાત્રી અને દિપોત્સવીના પર્વોની વ્યસ્તતા પૂરી થયા બાદ ડિસેમ્બર માસથી વિધિવત્ અને જુસ્સાભેર સંમેલનની તૈયારી માટે વિવિધ બેઠકોનો દોર આરંભાયો એ પહેલાં પૂ.શ્રી જાનકીદાસબાપુ સાથે કેટલીક ઔપચારિક બેઠકોમાં પાયાની ચર્ચા–વિચારણા થઈ હતી. આમ તબક્કાવાર સંમેલનના આયોજનને મૂર્તસ્વરૂપ આપવાનું કાર્ય થતું રહ્યું તેને માટે વિવિધ સમિતિઓની રચના પણ કરવામાં આવી. સંમેલનના પ્રચાર – પ્રસાર માટે નિમંત્રણ પત્રિકા અને પ્રવાસોનું આયોજન પણ થયું તેને માટે દેશભરના મહાજનોનો સંપર્ક શરૂ થયો. કમીજલામાં તેમજ અમદાવાદમાં મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર કેટલીક બેઠકો યોજાઈ જેમાં પૂ.જાનકીદાસબાપુ પણ ક્યારેક હાજરી આપતા રહ્યા. આમ પૂ.જાનકીદાસબાપુ અને પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકના અવિરત અને પ્રેરક માર્ગદર્શન હેઠળ સંમેલનની તૈયારીને આખરી ઓપ અપાતો રહ્યો. મહાપરિષદના હોદ્દેદારોએ એકથી વધુ વખત કમીજલામાં સંમેલનના સ્થળની મુલાકાત લઈ અને વ્યવસ્થાઓનું નિરીક્ષણ પણ કર્યું. સંમેલનનો સંદેશ પ્રત્યેક રઘુવંશી પરિવાર સુધી પહોંચાડવા માટે નિમંત્રણ પત્રિકાના વિતરણની વ્યવસ્થા ગોઠવવામાં આવી. શક્ય હોય ત્યાં સુધી પત્રિકા રૂબરૂ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો.



કમીજલા ખાતે પૂ. જાનકીદાસબાપુ સાથે મંત્રીમંડળની બેઠક



પ્રમુખશ્રી પ્રવિણભાઈ કાર્યક્રમ પૂર્વે નિરિક્ષણ કરતા



સ્ટોલ પર જવાબદારી સંભાળતા સભ્યો



સ્ટોલ પર જવાબદારી સંભાળતા સભ્યો

આ ઉપરાંત નાના મોટા નગરોમાં મહાજનોના માધ્યમથી તેમજ રઘુવંશી સમાજની વિવિધ સંસ્થાઓના માધ્યમથી સંમેલનનો પ્રચાર પ્રસાર કરી સંમેલનમાં મોટી સંખ્યામાં લોહાણા ભાઈ-બહેનો હાજર રહે એવો પુરુષાર્થ થયો. જેમ જેમ સંમેલનનો દિવસ નજીક આવતો ગયો તેમ તેમ સૌના ઉત્સાહમાં વધારો થતો રહ્યો. ઠેર ઠેરથી કેટલા લોકો આવશે કેટલી બસો આવશે તેના સંદેશાઓ આવવા લાગ્યા. આ બધા મેસેજથી સંમેલનમાં હજ્જારો લોકોના આવવાનો અણસાર આયોજકોને થવા લાગ્યો. સંમેલનના સ્વરૂપ અને એજન્ડાની પણ વિચારણા થઈ બધાને માટે ભોજનની વ્યવસ્થા તેમજ કોઈ વહેલા આવે તો તેને માટે રાત્રી રોકાણની વ્યવસ્થા પણ વિચારાઈ.


રઘુવંશની ગૌરવગાથાના દર્શન

આ સંમેલનમાં ગુજરાતના મુખ્યપ્રધાન શ્રીમતી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહે તે માટે તેમને આમંત્રણ આપવા માટે મહાપરિષદના પ્રમુખ શ્રી અને અન્ય હોદ્દેદારો ગયા હતા. મુખ્યપ્રધાને આમંત્રણને સહર્ષ સ્વીકાર કરતાં સૌના ઉત્સાહ અને જુસ્સામાં ખુબ વધારો થયો. સંમેલનમાં મહત્તમલોકો આવે તે માટે આગ્રહપૂર્વક સર્વત્ર સંદેશા મોકલાયા.

૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૬ શનિવારના રોજ કમીજલા ખાતે સાંજે પૂ.શ્રી મોરારિબાપુની કથાનો ધામધૂમથી પ્રારંભ થયો એ સાથે જ સંમેલનની તૈયારીઓ પણ પૂર્ણ થઈ. રાત્રીથી જ અનેક લોકોનું આગમન શરૂ થઈ ગયું હતું તેમને માટે કથા સ્થળે અલાયદા તંબુઓમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

વિદેશથી પણ અનેક મહાનુભાવો આવ્યા હતા અને અમદાવાદમાં રોકાયા હતા. ૧૪મી ફેબ્રુઆરીનો સૂરજ રઘુવંશી સમાજ માટે અનોખા ઉજાસને લઈને આવ્યો હતો. વેલેન્ટાઈન ડે તરીકે ઉજવાતો આ દિવસ રઘુવંશી લોહાણા સમાજના સંગઠન માટે વિશિષ્ટ બની રહ્યો. લોહાણા સમાજના અને શ્રી લોહાણા મહાપરિષદના ઇતિહાસમાં એક અનોખું સુવર્ણ પૃષ્ઠ લખાવા જઈ રહ્યું હતું.



સ્વાગત કક્ષમાં આમંત્રિત મહેમાનો સાથે

સવારથી જ કથાસ્થળે રઘુવંશી લોકોના આગમનનો પ્રવાહ શરૂ થઈ ગયો હતો. આવનારા લોકો કથાનું રસપાન કરતા હતા. સંમેલન કથા વિરામ અને ભોજન પછી બપોરે ૩.૩૦ કલાકે શરૂ થવાનું હતું. કથા અને સંમેલન સ્થળે મહાપરિષદ દ્વારા કેટલાક સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા જેમાં રઘુકુળ વિશ્વ સામાયિકના લવાજમ સ્વીકારવાની વ્યવસ્થા તેમજ થેલેસેમિયા ટેસ્ટની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી હતી. અખિલ ગુજરાત લોહાણા સમાજ દ્વારા પણ આવનારા બંધુઓના માર્ગદર્શન માટે એક સ્ટોલ રાખવામાં આવ્યો હતો. સંમેલનનો સમય નજીક આવતો ગયો અને દૂર સુદૂરથી બસો અને અંગત વાહનોની વણઝાર આવતી રહી લોકો ઉમટતા રહ્યા. પૂછપરછ કરીને ભોજન પ્રસાદી આરોગી સ્થાન લેતા રહ્યા. અસંખ્ય લોકો માટે આ એક અનોખો અવસર હતો. ઘણા બધાને સંમેલન તેમજ મહાપરિષદની પ્રવૃત્તિઓ વિશે જાણકારી મેળવવાની ઉત્સુકતા દેખાતી હતી.


હનુમાન ચાલીસાના પઠન સાથે કાર્યક્રમની શરૂઆત

અધિવેશન માટે પુરુષો અને મહિલાઓ ઉપરાંત બાળકો પણ મોટી સંખ્યામાં આવી રહ્યા હતા ઘણા બધા લોકો સહપરિવાર હાજરી આપવા આવ્યા હતા. બધાનો ઉત્સાહ અને સંમેલનમાં શું થવાનું છે તે જાણવાનું પણ પૂછપરછ દ્વારા ચાલતું રહ્યું. અસંખ્ય લોકો માટે આ એક પરસ્પરને મળવાનો અને પરિચય કેળવવાનો અવસર પણ બની રહ્યો. આખરે એ ધન્ય ક્ષણ આવી પહોંચી. સંમેલનનો સભામંડપ ખીચોખીચ ભરાઈ ચૂક્યો હતો. તેમ છતાં રઘુવંશી લોકોના આવવાનો પ્રવાહ ચાલુ હતો.


સ્વાગત નૃત્ય ડૉ. ઉર્વી ભાગ્યોદય દ્વારા


ઉદ્‌ઘોષક : શ્રી જીતેન્દ્ર ઠક્કર

બરાબર ૩.૩૦ કલાકે ઉદ્‌ઘોષક શ્રી જીતેન્દ્ર ઠક્કરે રઘુવંશી ધ્વજવંદનથી કાર્યક્રમની શુભ શરૂઆત કરવાની જાહેરાત સાથે સંમેલનનો આરંભ થયો. અંજનીનો જાયો શિર્ષકથી હનુમાન ચરિત્ર સાથે હનુમાન ચાલીસા દ્વારા ખ્યાતનામ બનેલા દિવંગત ઇશરદાન ગઢવીના સુપુત્રએ હનુમાન ચાલીસાથી માહોલને ભક્તિમય બનાવી દીધો હતો. ત્યારબાદ રાજકોટની ડૉ. ઉર્વી ભાગ્યોદય દ્વારા સ્વાગત નૃત્ય પ્રસ્તુત થયું. એ પછી રઘુવંશી લોહાણા સમાજના ગૌરવશાળી ઇતિહાસની વિડિયો ફિલ્મ પ્રસ્તુત કરવામાં આવી.

ત્યારબાદ શ્રી લોહાણા મહાપરિષદના વરિષ્ઠ ઉપાધ્યક્ષ શ્રી ઉમંગભાઈ ઠક્કરે આવકાર પ્રવચન કર્યું. તેમણે દેશ અને વિદેશમાંથી આવેલા રઘુવંશી ભાઈ–બહેનોને સંબોધન કરતાં આ ઐતિહાસિક સંમેલનને સમાજના સંગઠન માટે એક મહત્ત્વની ઘટના ગણાવી હતી. તેમણે તમામ રઘુવંશી લોકોને સમાજના કાર્યમાં પોતાનું યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. સમાજ દ્વારા થઈ રહેલા કાર્યોમાં સહયોગ આપવા તેમણે સૌને નમ્ર અપીલ કરી હતી તેમજ સમાજના ઉત્કર્ષ અને સેવા માટે તેઓ હરહંમેશ પ્રવૃત્ત રહેશે તેવી ખાતરી આપી હતી.


પ્રાસંગિક પ્રવચન વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર દ્વારા

મહાપરિષદના મહામંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની અનેકવિધ પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ્‌સની ઝલક લોકો સમક્ષ પ્રસ્તુત કરી હતી. મહાપરિષદ ભવિષ્યમાં કેવાં કાર્યો કરવા જઈ રહી છે અને મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક સમાજકાર્ય માટે કેવું વિઝન લઈને ચાલી રહ્યા છે તેની રૂપરેખા અસરકારક રીતે જણાવી હતી. શ્રી હિમાંશુભાઈએ આ સંમેલન માટે અનેક લોકોએ કરેલા અથાગ પુરુષાર્થ બદલ એ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. વેલેન્ટાઈન ડે વિશે હિમાંશુભાઈએ જણાવ્યું હતું કે, વેલેન્ટાઈન ડેની સાચા અર્થમાં ઉજવણી કરવા કોઈની ટીકા ન કરવા કે ન સાંભળવા મીઠી ટકોર સાથે વિનંતી કરી હતી. આ ઉપરાંત સમાજ સેવાનું કાર્ય કરતી એક જ વિસ્તાર કે શહેરની વિવિધ સંસ્થાઓ એકબીજાની હરીફ નહીં પરંતુ પૂરક બને તે માટે સૌને પ્રયત્નશીલ રહેવા પણ અનુરોધ કર્યો હતો. સંમેલનને વિવિધ મહાનુભાવો તરફથી સાંપડેલા સહયોગનો ઉલ્લેખ પણ તેમણે કર્યો હતો. આ સંમેલનના આયોજન પાછળનો ઉદ્દેશ્ય પણ તેમણે વિસ્તૃત રીતે જણાવ્યો હતો. સદ્‌ગુરુ ભાણસાહેબ રામકથા સમિતિ વતી શ્રી પોપટભાઈ અખાણીએ પણ પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી અને આ સંમેલનને સમગ્ર સમાજ માટે એક ઐતિહાસિક દિવસ ગણાવી ધન્યતા અનુભવી હતી.


પ્રસ્તાવના તથા સંકલન મંત્રી શ્રી હિમાંશુભાઈ દ્વારા

મહાપરિષદ આ સંમેલન દ્વારા શું કરવા જઈ રહી છે તેની ઝાંખી પણ તેમણે સમાજને આપી હતી. મહાપરિષદના ભવિષ્યના કાર્યોની રૂપરેખા તેમજ સંમેલનમાં ઉદ્‌ઘાટિત થવા જઈ રહેલા પ્રોજેક્ટ્‌સનો પરિચય અને તેની વિગતો આપીને સૌને માહિતગાર કર્યા હતા. મિસ્ડકોલ પ્રોજેક્ટને પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા નંબર ૯૯૦૯૯૦૦૧૨૩ જોડીને ખુલ્લો


પોતાની લાગણીઓ વ્યક્ત કરતા પોપટભાઈ અખાણી


પ્રાસંગિક પ્રવચન કરતા ધારાસભ્ય સુ શ્રી ડૉ. નિમાબેન આચાર્ય


પ્રાસંગિક પ્રવચન કરતા ધારાસભ્ય શ્રી મહેન્દ્રભાઈ મશરૂ

મૂકવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટના માધ્યમથી રઘુવંશી સમાજના તમામ લોકોને માત્ર એક મીસકોલ દ્વારા મહાપરિષદ સાથે જોડાવાની અપીલ કરવામાં આવી હતી. આ મીસકોલ દ્વારા મહાપરિષદમાં તેનું રજિસ્ટ્રેશન થઈ જાય છે એ પછી મીસકોલ કરનાર વ્યક્તિને રજિસ્ટ્રેશન થઈ ગયાનો મેસેજ પણ મળે છે.

ત્યારબાદ એ વ્યક્તિનો સંપર્ક કરીને તેમની અને તેમના પરિવારની વિગતો એકત્ર કરી સમગ્ર સમાજનો ડેટાબેઝ ઊભો કરવાના ભગીરથ કાર્યને સંપન્ન કરવાનું છે. એ જ રીતે શ્રી હિમાંશુભાઈએ રક્તદાન પ્રોજક્ટ વિશે માહિતી આપી આ પ્રોજેક્ટ પણ સમાજને સમર્પિત કર્યો.



ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી



સલાહકાર સમિતિના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી

આ તબક્કે શ્રી હિમાંશુભાઈએ ગુજરાત વિભાગના શ્રી ધવલભાઈ આચાર્યના યોગદાનની નોંધ લઈ તેમનું અભિવાદન પણ કર્યું. ધારાસભ્ય શ્રીમતી નીમાબેન આચાર્યએ સંમેલનને સંબોધન કરતાં સરકારની અનેક લોકકલ્યાણની યોજનાઓનો સમાજના લોકો વધુમાં વધુ લાભ ઉઠાવે તે માટે પ્રયાસ કરવા અને તેમાં પોતાનો સંપૂર્ણ સહયોગ આપવાની તૈયારી દર્શાવી હતી. ધારાસભ્ય શ્રી મહેન્દ્રભાઈ મશરૂએ પણ સંમેલનને પ્રેરક સંબોધન કર્યું હતું. આ સંમેલનને સફળ બનાવવા માટે શ્રી પ્રવિણભાઈ, શ્રી હિમાંશુભાઈ તથા અન્ય જેમણે જેમણે પોતાનું યોગદાન આપ્યું છે તે સર્વેને અઢળક શુભેચ્છાઓ પાઠવી હતી.

શ્રી લોહાણા મહાપરિષદના ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણીએ સંમેલનને પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. શ્રી યોગેશભાઈએ માતૃભૂમિ, જનની, માતૃશક્તિ અને માતૃસંસ્થા એમ ચારેય માતાઓની જેટલી સેવા થાય તેટલી સેવા કરવાનું સૌને જણાવી શ્રી લોહાણા મહાપરિષદના અતીત વિશે સંક્ષિપ્તમાં માહિતી આપી હતી. તેમણે શ્રી પ્રવિણભાઈ કોટકને તેમના કાર્યકાળના આરંભે જ આવું આંતરરાષ્ટ્રીય સંમેલન યોજવાની હિંમત કરી તેને બિરદાવી હતી. તેમણે સમૂહગાન એટલે કે કોરસ ગીતનું રૂપક સમજાવી સૌને સમૂહમાં કામ કરવા માટે રીત સમજાવી હતી તેમજ સૌના સૂર સાથે મળીને પ્રગટ થાય તેવી ભાવના વ્યક્ત કરી હતી તેમજ પોતાની વ્યક્તિગત ઉપલબ્ધિનો ઉપયોગ સમાજ માટે પણ કરવાનો અનુરોધ કર્યો હતો. તેમણે લોકોને અસ્મિતાયુક્ત અને ભાવનાયુક્ત જીવન જીવવાનું જણાવી પરસ્પરના સંબંધો મજબૂત બનાવવા અને ટકાવી રાખવા અનુરોધ કર્યો હતો.

ત્યારબાદ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ સંમેલનમાં વિશાળ જનસમૂહની ઉપસ્થિતિને જોઈને આનંદ વ્યક્ત કર્યો હતો અને ૧૯૮૯માં યોજાયેલા પાંચમા સંમેલનની સ્મૃતિને વાગોળતા તેમણે કહ્યું હતું કે એ સંમેલનમાં માત્ર ૮૯૦૦ જેટલી હાજરી હતી. આટલી મોટી સંખ્યામાં કોઈ સંમેલનમાં લોકોની હાજરી જોવા મળી નથી તેવા ઉદ્‌ગારો તેમણે વ્યક્ત કર્યા હતા. આ આયોજન બદલ તેમણે પ્રમુખશ્રીને અભિનંદન આપ્યા હતા. શ્રી મહેન્દ્રભાઈના સંબોધન દરમિયાન મુખ્યપ્રધાન શ્રીમતી આનંદીબેન પટેલનું આગમન થયું હતું. શ્રી મહેન્દ્રભાઈના પ્રવચન બાદ શ્રીમતી આનંદીબેન ઉપરાંત પૂ.મોરારિબાપુ, પૂ.જાનકીદાસબાપુ તેમજ રામાયણી સંત શ્રી રમાબેન હરિયાણીનું સન્માન કરવામાં આવ્યું હતું.



પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક : લાગણીઓ વ્યક્ત કરતાં

એ પહેલાં વિદેશથી આવેલા કેટલાક મહાનુભાવોને મહાપરિષદની વિવિધ જવાબદારીઓ સોંપવામાં આવી હતી એ અંગેના નિમણૂંકપત્રો તેમને સુપ્રત કરવામાં આવ્યા હતા. યુકેના રશ્મિભાઈ ચતવાણી, મસ્કતના શ્રી દિલિપભાઈ પંજવાણી, ઓમાનના શ્રી જીતેન્દ્ર તન્ના, યુએસએથી શ્રી કમલેશ પૂજારા, યુકેના ક્રિષ્નાબેન પૂજારા, યુએસએથી શ્રી સુરૂભાઈ માણેક, આફ્રિકાથી શ્રી અરૂણભાઈ સામાણી વિગેરે જ્ઞાતિશ્રેષ્ઠીઓએ વિદેશમાં પણ સામાજિક પ્રવૃત્તિઓને વેગ આપવા માટે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે વિશાળ સંમેલનને સંબોધન કરતાં આપણા મુખ્યમંત્રી પટેલ સમાજના છે એવો ઉલ્લેખ કરીને પટેલ સમાજ સાથે લોહાણા સમાજના સંબંધને જોડતી માહિતી આપતા કહ્યું હતું કે પટેલ સમાજ સાથે લોહાણા સમાજને ઘણો જૂનો અને ગાઢ સંબંધ રહ્યો છે તેમના કહેવા પ્રમાણે શ્રી જલારામ બાપાના ગુરુ શ્રી ભોજલરામ બાપા પટેલ સમાજના હતા એ જ રીતે શ્રીમતી આનંદીબેન પટેલના દીકરીના સાસુ પણ લોહાણા સમાજના હોવાનો ઉલ્લેખ કર્યો હતો આમ મુખ્યમંત્રીના પરિવાર સાથે લોહાણા સમાજના સંબંધને સ્થાપિત કરીને તેઓએ પ્રવચનને આગળ ધપાવતાં પૂ. મોરારિબાપુને પણ આવકાર્યા હતા. તેઓએ શ્રીમતી આનંદીબેનના કાર્યકાળ દરમિયાન રાજ્યના લોકોના ઉત્કર્ષ માટે રજૂ થયેલી અસંખ્ય કલ્યાણ યોજનાઓનો ઉલ્લેખ કરીને એમ પણ કહ્યું હતું કે સૌથી વધુ કલ્યાણ યોજનાઓ આનંદીબેનના કાર્યકાળમાં રજુ થઈ છે તેમણે સરકારના આ અભિગમની પ્રસંશા કરી હતી અને સરકારના બેટી બચાવો કાર્યને પણ પ્રશંસનીય ગણાવ્યું હતું.

# આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલ



પૂજ્ય મોરારિબાપુનું ફ્રુટ બાસ્કેટ તથા સુકામેવાના હારથી સન્માન



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનું ફ્રુટ બાસ્કેટ તથા સુકામેવાના હારથી સન્માન



પૂજ્ય જાનકીદાસબાપુનું ફ્રુટ બાસ્કેટ તથા સુકામેવાના હારથી સન્માન



માતૃસંસ્થાના વિદેશ વિભાગના હોદ્દેદારોની નિમણૂંક વેળાએ



મુંબઈના ઉદ્યોગપતિ શ્રી સંજયભાઈ ઠક્કર સન્માનિત થતા



રાજકોટના શ્રી નારણદાસભાઈ ભાયાણી સન્માનિત થતા

# ...લન – ૨૦૧૬ (સોનેરી ક્ષણો)



સંત સુશ્રી રમાબેન હરીયાણીના સન્માન વેળાએ



રાષ્ટ્રીય સંત શ્રી મોરારિબાપુને રઘુવંશના ધ્વજની રેપ્લિકા અર્પણ વેળાએ



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને રઘુવંશના ધ્વજની રેપ્લિકા અર્પણ વેળાએ



પૂજ્ય જાનકીદાસબાપુને રઘુવંશના ધ્વજની રેપ્લિકા અર્પણ વેળાએ



રક્તદાન માટેના ઓનલાઈન સોફ્ટવેરને ખુલ્લું મૂકતી વેળાએ




મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાં માતૃસંસ્થા દ્વારા યોગદાન



માનનીય મુખ્યમંત્રીશ્રી... રઘુવંશી સમાજને સંબોધતા

આ કાર્યમાં રઘુવંશી લોહાણા સમાજના પ્રદાન રૂપે મુખ્યમંત્રીને મહાપરિષદ તરફથી મુખ્યમંત્રી કન્યા કેળવણીનિધિમાં રૂા. ૫,૧૧,૧૧૧/-નું ફંડ અર્પણ કર્યું હતું. શ્રી પ્રવિણભાઈએ ગુરુશ્રી ભોજલરામ બાપાના શ્રી જલારામ બાપાને મળેલા આશીર્વાદનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે કે બાપા ભોજલરામે પૂ.જલારામ બાપાને એવા આશીર્વાદ આપેલા કે, તારે કોઈનું લેવું નહીં, બધાને દેવું એટલે વીરપુરમાં આજે કંઈ લેવામાં આવતું નથી તેવી એકમાત્ર જગ્યા છે. રઘુવંશી સમાજ પણ આ પરંપરાને વળગી રહે છે. આ ઉપરાંત શ્રી પ્રવિણભાઈએ માળા સ્મરણનો મહિમા સમજાવી, માળાના માધ્યમ દ્વારા સદ્‌ગુરુનું ચિંતન અને સ્મરણ જીવનનો ઘણો બધો ભાર હળવો કરી નાખે છે તેમ પણ તેઓએ જણાવ્યું હતું.

મહાપરિષદ દ્વારા શિક્ષણ સહાય ઉપરાંત જરૂરિયાતમંદ લોકોને નોકરી, રોજગારી તેમજ આરોગ્ય સહાય જેવી પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરીને એકબીજાને મદદરૂપ થવાની સમાજની ભાવનાને બિરદાવી હતી. તેમણે મુખ્યમંત્રીને એવી ખાતરી આપી હતી કે રઘુવંશી સમાજ આપની સાથે હંમેશ રહેશે તેમણે કહ્યું હતું કે, અમારો એક એક રઘુવંશી ૧૦૦૦નું પ્રતિનિધિત્વ કરે છે. ગામેગામથી અહીં સમાજની ઉપસ્થિતિ છે આ આખો સમાજ આપની પડખે ખડો રહેશે તેવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. એ પછી શ્રી પ્રવિણભાઈએ અંબાજીમાં દેવસ્થાનમ્ ટ્રસ્ટ નિર્મિત ૨૦૦ બેડની હોસ્પિટલનું સંચાલન મહાપરિષદ સંભાળવા તૈયાર હોવાનું જણાવી આ પ્રોજક્ટને ટૂંક સમયમાં લોકાર્પિત કરાશે. આ હોસ્પિટલના માધ્યમથી માત્ર રઘુવંશી સમાજની જ નહીં પરંતુ સમગ્ર સમાજના તમામ વર્ગોની સેવાનું કાર્ય રઘુવંશી સમાજ અને મહાપરિષદ સંભાળશે. આ જાહેરાતને ઉપસ્થિત લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી. આ હોસ્પિટલમાં તમામ લોકોને વિનામૂલ્યે સારવાર આપવામાં આવશે. સાથોસાથ નબળી આર્થિક સ્થિતિના લોકોને આવવા-જવાનું ભાડું પણ અપાશે એવું જાહેર કરાયું હતું.

રાજ્યના મુખ્યપ્રધાન શ્રીમતી આનંદીબેન પટેલ આ સંમેલનમાં વિશાળ જનસંખ્યાની ઉપસ્થિતિ જોઈને ભાવવિભોર થઈ ગયા હતા તેમણે પોતાના સંબોધનના આરંભમાં જ એવું કહ્યું હતું કે હું આશીર્વાદ આપવા નહીં પણ આશીર્વાદ લેવા આવી છું. તેમણે ગર્વ સાથે જણાવ્યું હતું કે તેમના દીકરીના સાસુ લોહાણા સમાજના છે. તેમણે દીકરીના શ્વસુરના લોહાણા મહિલા સાથેના સંબંધના જોડાણની વાત વિસ્તારપૂર્વક જણાવી હતી. તેમણે પાટીદારોનો ઇતિહાસ પણ રામના વંશના લવ-કુશમાંથી લવ સાથે જોડાયેલો હોવાનું જણાવી તેઓ પણ રઘુવંશના હોવાનું ગૌરવ ધરાવતા હોવાનું કહ્યું હતું. તેમણે સરકારની વિવિધ ઉત્કર્ષ અને કલ્યાણ યોજનાઓની વિગતો આપી સરકારના માનવતાપૂર્ણ અભિગમની જાણકારી આપી હતી. તેમણે લોહાણા સમાજની સેવા પ્રવૃતિઓને બિરદાવી હતી. તેમણે ગુજરાતમાં વસતીમાં પુરુષોની સરખામણીમાં મહિલાઓની ઓછી સંખ્યાનો તફાવત ઘટાડવા માટે સરકારે બેટી બચાવો અભિયાન દ્વારા મેળવેલી સિદ્ધિ વર્ણવી હતી. એ જ રીતે કન્યા કેળવણીમાં સરકારના પ્રદાનની વાત કરી હતી. તેમણે સરકાર દ્વારા કેન્સરના દર્દીઓની સહાય માટેની સરકારની યોજના અને અભિગમ પણ સમજાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, એક મહિલાને વિનામૂલ્યે સારવાર આપીને તેનું જીવન બચાવીને સરકાર તેના દ્વારા એક પરિવારને અનાથ થતો બચાવે છે. તેમણે ગુજરાતની ૬ કરોડની જનતા સુખી અને સંપન્ન બને તે માટે આશીર્વાદ આપવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના અંતે આભારવિધિ અને રાષ્ટ્રગીત સાથે સંમેલન સંપન્ન થયું હતું.

સંમેલનના સમાપન બાદ તથા પૂર્વે ભોજન પ્રસાદની ખૂબ સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ. દૂર દૂરથી પધારેલા રઘુવંશીઓ ભોજન પ્રસાદ લઈ પૂ. ભાણસાહેબની ચેતનાની અનુભૂતિ સાથે ધન્યતા અનુભવી પોતપોતાના વતન જવા પરત ફર્યા હતા.

# પૂ. મોરારિબાપુના આશીર્વચન (શબ્દ સહઃ)




સૌપ્રથમ આ ભાણતીર્થમાં પૂજ્યપાદ ભાણ સાહેબની જીવનચેતનાને પ્રણામ કરીને, પૂજ્યપાદ જલારામ બાપાને સ્મરીને લોહાણા મહાપરિષદનું સંમેલન અહીં જ્યારે થઈ રહ્યું છે ત્યારે આ સંમેલનમાં આશીર્વાદ આપવા માટે જેમની ઉપસ્થિતિ છે ત્યારે એવા પૂ.જાનકીદાસજી બાપુ અન્ય સંતગણ, પૂ.રણછોડબાપાની રામસાધના ને પોતાના જીવનમાં વણીને રામકથા દ્વારા રઘુવંશને બધી જ જગ્યાએ ફેલાવતા પૂજનીય રમાબેન, આપણને સૌને સામે પોતાનો રાજીપો વ્યક્ત કરવા માટે અને પોતાની વાત આપણા સુધી પહોંચાડવા માટે આવેલા આપણા ગતિશીલ ગુજરાતના પ્રણેતા આદરણીય બેન શ્રી આનંદીબેન, લોહાણા મહાપરિષદના સૌ પૂર્વ હોદ્દેદારો અને વર્તમાન પ્રમુખશ્રી પરમ સ્નેહી પ્રવિણભાઈ, દેશ-વિદેશથી આવેલા સૌ વડીલો આપ સૌ ભાઈ-બહેનો બાપ વિશેષ કંઈ નહીં કહેતા મારે એટલું જ કહેવું છે આપ રઘુવંશી કહેવડાવાનું જે સાત્વિક ગૌરવ અનુભવો છો અને તમારામાં જે ઉત્સાહ છે એ ઉત્સાહને નમન કરું છું. હું કોઈ સલાહ આપવા નથી આવ્યો, કોઈ ઉપદેશ આપવા નથી આવ્યો, પણ રામાયણ માં બે-ચાર વાતો લખી છે એ વાતો તમારા કાન સુધી નાખવા આવ્યો છું. રામાયણમાં રઘુવંશીના સ્વભાવનું ચિત્રણ છે. હું કાલીદાસના રઘુવંશમાં નહીં જાઉ, પણ જે ગ્રંથ લઈને હું દુનિયામાં ફરું છું એ રામચરિત માનસમાં રઘુવંશીના અમુક લક્ષણો છે એ આપનામાં હોય જ. મને બેનનું વાક્ય બહુ ગમ્યું બેન, આપે એમ કહ્યું કે આપણા બધામાં અમારામાં લેઉવા, કડવા, લોહાણા આ બધાં જ એમાં રામનું લોહી ઊતર્યું છે, અને જ્યારે રામનું લોહી ઊતરે ત્યારે આપણામાં ક્યાંય હરામ ન આવી જાય એનું ધ્યાન રાખવું જોઈએ. આ મોટી જવાબદારી છે સાહેબ રઘુવંશીઓ, અને હું તમે જેને જે વંશમાં પોતાની જાત ને માનો છો અને છો એના ગળાફાટ ગાયન કરું છું એટલે મને કાંઈક તમને કહેવાનો અધિકાર છે અને બાવો બાર વર્ષે બોલે એવું હોતું નથી એ કહેવતો ખોટી થઈ ગઈ છે બાવો બારે મહિના બોલતો હોય છે. બે-ત્રણ વાતો બાદ રઘુવંશીઓનું લક્ષણ ભગવાન રામે કહ્યું જ્યારે જાનકીજી પુષ્પવાટીકામાં આવ્યા, બેને દિકરીઓની કેટલી સરસ વાત કહી, બેન તમને બહુ બળ મળે મારા બાપ !

અને આ પ્રવિણભાઈ જ્યારે બોલતા ત્યારે સારું બોલતા હતા. પ્રવિણભાઈને કહ્યું કે પ્રવિણભાઈ તમે સારું બોલો છો. મુદ્દા વગર તમે આટલું સરસ ફ્ફડાવી નાખ્યું ગજબ ભાઈ સા'બ. મને એમ કે કાંઈક કાગળ-બાગળ રાખશે આ માણસ. પણ એ વગર સરસ બોલ્યા ભાઈ. પ્રમુખ તો આવો જ હોવો જોઈએ. એટલા માટે કહું છું કે પ્રમુખ તો આવો હોવો જોઈએ કારણ કે એ બોલે પણ છે અને પ્રચાર વગર એક બીજું વાક્ય પણ બોલ્યા છે અને મારી હાજરીમાં બોલ્યા છે એટલે ફરવાનો નથી એમણે આનંદીબેનને જ્યારે પાંચ લાખનો ચેક આપ્યો ત્યારે આનંદીબેનને કહ્યું કે અમે તો પહેલાં ટોકન આપીએ છીએ, એટલે જથ્થાબંધ કંઈક આવવાનું છે બહેનોના ફંડમાં એ વાત નક્કી. અને ન આવે તો મને કહેજો મને એક મીસકોલ મારજો. કારણ કે રઘુકુલ રીત સદા ચલી આઈ, પ્રાણ જાય પર વચન ન જાય....

તો બાપ પુષ્પવાટીકામાં મા જાનકી કિશોરીજીના રૂપમાં ગૌરીપૂજા કરવા આવ્યા અને એ વખતે ભગવાન રામ જાનકીજીના પગના નુપૂર, હાથના કંગન અને કટીભાગના કંદોરાનો અવાજ સાંભળી ભગવાન રામ લક્ષ્મણને કહે છે, આ કોણ આવે છે ? મનરૂપી વિશ્વ પર કબજા કરવા માટે કામદેવનું તો આગમન તો નથી થયું ને ? પણ સીતાજીને જોયા પછી રામ લક્ષ્મણને કહે છે કે તું મનમાં બીજો કોઈ ભાવ નહીં લાવતો બાપ આપણે તો રઘુવંશી છીએ. રઘુવંશીઓનું પહેલું લક્ષણ છે

કે આપણું મન કોઈ દિવસ ખોટા રસ્તે ન જાય. પ્રવિણભાઈની પરંપરાઓમાં એના વડવાઓની પરંપરામાં રામચરિત માનસ ઊતર્યું છે. આ તલકશીબાપા અને મા હજી બેઠા છે આ પરિવારોમાં રામચરિત માનસના અખંડ પાઠ હજી થાય છે અને એ રામચરિત માનસની આ ચોપાઈ રઘુવંશીના એક લક્ષણને વ્યક્ત કરે છે કે રઘુવંશી એ કે જેનું મન કોઈ દિવસ ખરાબ માર્ગે ન જાય. મારે ને તમારે ઇ રામની કૃપાથી વધારે ને વધારે ચરિતાર્થ કરવાનું છે. બીજું રઘુવંશીનું લક્ષણ રામચરિત માનસે બતાવ્યું કે, રઘુવંશીને ઘરે દશરથજીને ત્યાં વિશ્વામિત્ર આવ્યા,અને દશરથજીએ કહ્યુ હું તમારી શું સેવા કરુ, માંગ હું ભું-દેન-ધેન-કોસા, જે માંગો તે આપુ, કારણ કે અમારા રઘુવંશીઓનો સ્વભાવ છે, અમારે આંગણે આવે એને કોઈ દિવસ અમે "ના" શબ્દ ઉચ્ચારતા નથી, અમે ના ન પાડીએ, જે આપી શકીએ અમારી ક્ષમતા પ્રમાણે પણ કંઈ ના કહીયે એવું તો રઘુવંશી બોલે નહીં અને તમે તમારા સમાજ માટે કરો, ખૂબ કરો ભગવાન તમને ખૂબ સમજ અને સંપતિ આપે પણ તમારા સમાજ માટે બધુ તમે આ અંબાજીમાં હોસ્પિટલનું કર્યું. આ બધા સમાજ માટે કર્યું બીજા માટે કરો પણ જ્યારે ભગવાન તમને ખૂબ ઢગલો કરી દેને પછી રઘુવંશીની બોર્ડરને ઓળંગીને રામ કેવટો સુધી ગયો છે, રામ શબરીઓ સુધી ગયો છે, રામ અહલ્યાઓ સુધી ગયો છે, રામ રીંછ વાંદરા સુધી, આ મારા રઘુવંશીઓ એ માર્ગે પછી આગળ પહેલા તમે કરી લો બધું, તમારી પ્રવિણતા પ્રમાણે! પણ મારા બાપ મને ખાતરી છે રઘુવંશી ના કરે તો કોણ કરે ! જેને ઓરડે જેના ઘરે ના શબ્દ નથી આવતો અને બધા રઘુવંશીઓ હું કંઈ શપથ લેવડાવા નથી આવ્યો, હાથ ઊંચા કરાવવા નથી આવ્યો, પણ આજથી નક્કી કરજો કે હું ભલે સાવ રાંક હોઉં પણ મારા ઘરે આવે એને હું ના તો નહી જ કહું પણ ખભા ઉપર હાથ મુકીને ભલે ૧૦૦ રૂપિયા માગે તો હું ના આપી શકું પણ રૂપિયો તો આપીશ જ અને તમે કાંઈ ઓછું આપો એવા તો નથી જ, તમે ઘણું આપી શકો...

પહેલું લક્ષણ મન ખરાબ રસ્તે ના જાય, બીજુ લક્ષણ કોઈને ના ન કહેવાય, ત્રીજુ લક્ષણ "કાળ હું ડરહી રણ હું રઘુવંશી" માણસ કાળ કહે રઘુવંશી એ છે કાળ સામે આવે તોય બીવે નહીં, ભગવાન તમને ખૂબ લાંબી દિર્ઘાયુ આપે. પ્રવિણભાઈના આ પાંચ વરસના કાર્યકાળમાં એના હાથે ઈશ્વર એવા કામ કરાવે કે તલકશીબાપાનો આત્મા રાજી થાય. આ રઘુવંશી સમાજ પ્રસન્ન થાય. સમય તમારી સામે કાંપે. રણમાં કાળ આવે તો પાછો ન જાય, રણમાં કોઈ દિવસે પીઠ ન દેખાડે એવું લક્ષણ રઘુવંશી એ બતાવ્યું. રણ એટલે આપણે અહીંયા યુદ્ધ નહીં , યુદ્ધ તો ઈશ્વર આખી દુનિયા માં બંધ થઈ જાય તો સારું આ યુદ્ધ જ શબ્દની, યુદ્ધ ની હવે વિશ્વ ને જરૂર નથી બુધ્ધની જરૂર છે.પણ જયારે જગતમાં આવી બધી પરિસ્થિતિ છે જયારે આ બધું થતું રહે છે એવા સમયમાં રણનો અર્થ એ છે કે જીવનમાં જયાં જયાં સંઘર્ષો આવે, જયાં જયાં મુશ્કેલીઓ આવે ત્યારે રઘુંવશી એ છે કે જે પાછા પગલાં ન ભરે, ગમે તેમ કરી આગળ વધતો જાય આવા રઘુવંશીના ઘણાં લક્ષણો છે બધા કહી દેવા નથી મારી જોડે હજી સાત દિવસ છે તમને તોડી નાખવાનો છું. તોડી નાખવાનો એટલે તમારી પ્રત્યે લાગણી છે એટલે હવે તમે જેને રામના સંતાનો ગણો છો એ રામને ગળા ફાડીને ગાવું છું એટલે આ મોકો કેમ ચુકું, મારા આ પ્રહાર પ્રાસાદિક પ્રહાર છે અને મારા બાપ હું રાજી થાઉ છું.

મેં એક વસ્તુ પ્રવિણભાઈમાં જોયું કે, ભાઈ કોઈ જ્ઞાતિના સંમેલનમાં મારે જાવું તો પડે કારણ કે હવે અમે પબ્લીક પ્રોપર્ટી છીએ અને આમા શું થાય, અમને આમંત્રણ આપે ને એ આમંત્રણ આપે એટલા જ કાલાવાલા કરે કે તમારે આવવું જ પડશે, તમારા વગર ચાલશે જ નહીં.ગમે તેમ કરી હું ગોઠવણ કરી આમ દોડી દોડી જાઉ, પણ એ જ ન હોય અલા શું ? અમારે તો રઘુકુળનાં ગાયન કરવું એટલે રઘુકુળ રીતી વચન પાળવું પડે, એને તો રઘુકુળને સાથે કોઈ લેવા-દેવા નહીં,પણ તમારી સાથે આટલો ઉત્સાહપૂર્વક તમારું આખો આ મહાપરિષદ આમ લિફ્ટ થઈ રહ્યું છે એને વધારે વેગ મળે એટલે મારે ગણીગણીને રઘુવંશીઓના લક્ષણ તમારી સામે મૂકવા છે જેથી કરીને આવતી પેઢી પણ રઘુવંશના ધ્વજને એક એક વ્યકિત પાસે રઘુંવશનો માને અંદરનો એક ધજા ફરકતી હોય સાહેબ ...આખા વિશ્વમાં એને લહેરાવે...

વિશેષ કંઈ ના કહેતા બાપ,મારે આમ તો ૬ વાગ્યે બીજે જગાએ જાવાનું હતું પણ આવું સંમેલન હોય તો પછી જવાય ! રાજી થઉ છું, હું આપને આમ કહેતો તો ઘણી જ્ઞાતિઓના સંમેલનમાં જવાનું થાય કારણ કે હું પબ્લીક પ્રોપર્ટી કહેવાઉ પણ આટલી વિશાળ સંખ્યા માં કોઈ એક સમાજની હોય એવું મેં જોયું નથી તાળીઓ પછી પાડજો પહેલાં સાંભળી તો લો, કદાચ આમાં કથા પણ કારણ હોય, થોડોક હિસ્સો મારો નહીં પણ હોય આ ટોળું ભેગું કરવામાં. રઘુવંશની આ મહાપરિષદની ઉધ્વગતિને જોવા માટે એને આશીર્વાદ આપવા માટે એમાં હરખને વ્યકત કરવા માટે આ હું તમારું સ્વાગત કરું છું અને આપણા બેન, આનંદીબેન, એમાં કાંઈ કહેવાની જરૂર નહીં આપ ક્ષેત્રમાં રહીને આપણી આ બેન કેટલા વ્યસ્ત હશે એ આપણને ખબર ન હોય તે છતાં એ આટલો સમય કાઢીને એમણે એમ કહ્યું કે આશીર્વાદ આપવા નથી આવી પણ આશીર્વાદ લેવા આવી છું. પણ એટલું કરજો બેન ભલે તમે આશીર્વાદ લેવા આવ્યા હોય, તમે બેન છો ખાલી આને (પ્રવિણભાઈ તરફ આંગળી કરતાં) રાખડી બાંધતા જજો આ ફરે નહીં. અને બાકી મિસકોલ મને મારવાનો, તમારી યોજના તમારા ઉપર પાછી.બાપ રાજીપો વ્યકત કરું છું, હું તો સાધુ છું, મારી પાસે તો પ્રસન્નતા સિવાય બીજું કાંઈ નથી, પ્રવિણભાઈ બહુ રાજી થાવ છું બાપ, આખા રઘુવંશી સમાજ પર મારી પ્રસન્નતા છે. દેશ-વિદેશમાં જ્યાં બેસો ત્યાં રામભજન અને રોટલો ભુલતા નહીં. જય હો, બસ હવે છેલ્લે સાંભળો હું તો સાધુ છું સાહેબ પણ હંમેશા કહ્યા કરું કે જ્યારે રામજીમંદિર કે કૃષ્ણમંદિરની પૂજા કરનારા અમે ગામડાના સાધુ, બાવાજી, વૈષ્ણવ અમે આરતી કરીએ આખું ગામ ભેગું થઈ અને પછી ફાળો કરી અન્નકૂટ કરે બેસતા વર્ષે. મહારાજ કંઈ ના કરી શકે મહારાજ પાસે શું હોય અન્નકૂટ, ઈ ગામ ફાળો કરે પણ મહારાજે ખાલી તુલસીનું પત્ર નાખવાનું હોય એમાં. એ તુલસી નાખે ત્યારે ઠાકોરજી જમે બાકી એ અન્નકૂટ એમ નો એમ પડ્યો રહે. એમ લોહાણા મહાપરિષદનો તમે આખો અન્નકૂટ ભરશો સાહેબ પણ એક સાધુ તરીકે મારે તુલસીપત્ર નાખવું છે. તુલસીપત્ર નાનું જ હોય હોય જ હોં. એ નારિયેળીના પાન જેવડું ન હોય, ક્યાં ભાળીયા છે તુલસીપત્ર નારિયેળીના પાન જેવું હોય એટલે બીજો મોટા આંકડાની અપેક્ષા ન રાખતા પણ સાધુ છું અને જ્યારે સમાજની પ્રસન્નતા જોઉ આવા બધા દાતાઓ બેઠા છે બેન આટલી પ્રસન્નતા વ્યકત કરે છે એવા સમય એ મને એમ થાય કે તલગાજરડાનું એક તુલસી પત્ર હું તમારા અન્નકૂટમાં નાખતો જાઉ. ૧૧ હજાર રૂપિયા હનુમાનજીની પ્રસાદી રૂપે આ તમારા સમાજની સેવા માટે તુલસીપત્ર આપ સ્વીકારો એવી પ્રવિણભાઈ અને આપ સૌને મારી વિનંતી. ખુશ રહો બાપ .

॥ રામ ॥

સત્ય પ્રેમ કરુણા

# કાર્યાલય સમાચાર

## જામનગર લોહાણા મહાજન :

તા. ૨ અને ૩ એપ્રિલ ૨૦૧૬ ના રોજ સમસ્ત હાલાર લોહાણા સમાજના યજમાનપદે જામનગર મુકામે યોજાનાર શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી સમિતિની બેઠક અંગે માર્ગદર્શન મેળવવા શ્રી જીતુભાઈ લાલ અને સમગ્ર ટીમ પધારેલ. લગભગ બે થી ત્રણ કલાકની મીટીંગના અંતે વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરના આમંત્રણને માન આપી હોટલ પતંગ ખાતે ભોજન લઈ સૌ છૂટા પડ્યા હતા. પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે તથા વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરે સમગ્ર ટીમને તેમના ઉત્સાહ બદલ અને મીટીંગની સફળતા માટે આગોતરા અભિનંદન પાઠવ્યા હતા.



## વિદેશ વિભાગના હોદ્દેદારોની ઔપચારિક મુલાકાત :

તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ ને રવિવારના રોજ કમીજલા મુકામે યોજાયેલા આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનમાં નિમણૂંક પામેલા વિદેશ વિભાગના હોદ્દેદારોની એક ઔપચારિક મીટીંગ માતૃસંસ્થાના મધ્યસ્થ કાર્યાલય પર તા. ૧૫ ફેબ્રુઆરી , ૨૦૧૬ ને સોમવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે યોજાઈ હતી જેમાં વિદેશમાં પણ રઘુવંશી સમાજનું સંગઠન વધુ મજબુત બને અને સમગ્ર વિશ્વના લોહાણાઓ માતૃસંસ્થા સાથે સીધા જોડાઈ શકે તે માટે ભાવિ આયોજનો અને બીજી અનેક સેવાકીય તથા રચનાત્મક પ્રવૃત્તિઓ માટે સૌએ માર્ગદર્શન મેળવ્યું હતું અને પોતાને મળેલી આ મહત્ત્વની જવાબદારી અંગે સતત જાગૃત રહી માતૃસંસ્થાની સેવા કરવા માટે મળેલી આ તક માટે ધન્યતા અનુભવી હતી.



## કાર્યકર્તાઓની મીટીંગ :

તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ ના આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન માટે પૂર્વતૈયારીના ભાગરૂપે માતૃસંસ્થાના મધ્યસ્થ કાર્યાલય પર તબક્કાવાર મીટીંગો યોજાઈ હતી જેમાં તમામ સંયુક્ત મંત્રીશ્રીઓ, સહમંત્રીશ્રીઓ તેમજ અમદાવાદ ઉપરાંત ગાંધીનગર, ભાવનગર અને રાજકોટની ટીમે પણ સુંદર કામગીરી બજાવી હતી. પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક અને મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરના સીધા માર્ગદર્શન હેઠળ શ્રી લોહાણા મહાપરિષદની સમગ્ર ટીમે આ આયોજન માટે સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરી પોતાની નિસ્વાર્થ સેવાઓ બજાવી હતી. આ પ્રસંગે શ્રી વિનોદભાઈ ગોકલાણી તેમજ શ્રી ગીરીશભાઈ ઠક્કરે પણ આ મીટીંગમાં હાજર રહી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને સેતુરૂપ બન્યા હતા.





## પર્યાવરણ સમિતિ : અપીલ

કેટલીક માનવીય પ્રવૃત્તિઓ પ્રાકૃતિક જળવાયુ વ્યવસ્થા પર પ્રચંડ અસર કરી તેમાં થતા અનિચ્છનિય પરિવર્તનનું કારણ બનેલ છે જેથી વિશ્વના લોકોને એક તાંતણે જોડી, જળવાયુ પરિવર્તન એટલે કે ક્લાઈમેટ ચેન્જ અંગે જાગૃત કરવા તેમજ તેને અટકાવવા પ્રોત્સાહન આપવા વર્ષ ૨૦૦૭ થી પ્રતિ વર્ષ ૧૯ માર્ચના રોજ ''અર્થ અવર'' મનાવવામાં આવે છે. ''અર્થ અવર'' ઉજવવા માટે ૧૯ માર્ચ ૨૦૧૬ ના રોજ રાત્રે ૮.૩૦ થી ૯.૩૦ દરમિયાન વીજ વપરાશ બંધ કરવો અથવા અત્યંત જરૂરી હોય તેવા જ વીજ સાધનો ચાલુ રાખી અન્ય વીજ સાધનો બંધ કરી વીજ વપરાશ નહિવત કરવો.

શ્રી લોહાણા મહાપરિષદની સ્થાયી સમિતિ - પર્યાવરણ સમિતિ તમામ વિસ્તાર, શહેરના રઘુવંશી શ્રેષ્ઠીઓને આ અંગે સમાજને જાગૃત કરી આ અભિયાનમાં જોડાવા હૃદયપૂર્વકની અપીલ કરે છે.

– કિરીટભાઈ ભીમાણી, મો. ૯૦૯૯૦૧૦૯૯૧, અધ્યક્ષ – પર્યાવરણ સમિતિ

# સંસ્થા સમાચાર

**જુનાગઢ :**

આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનમાં પધારવાનું નિમંત્રણ પાઠવવા તેમજ આસપાસના મહાજનો સાથે આત્મીયતા કેળવવાના શુભ આશયથી લીઓ રિસોર્ટ જુનાગઢ ખાતે આસપાસના વિસ્તારના મહાજનશ્રીઓના પ્રમુખશ્રીઓ તથા હોદ્દેદારો સાથેની એક મીટીંગ / પરિસંવાદનું આયોજન શ્રી ડોલરભાઈ કોટેચા તેમજ શ્રી ગીરીશભાઈ કોટેચાના વિશેષ પ્રયત્નોથી કરવામાં આવેલ જેમાં અંદાજે ૩૫ જેટલા મહાજનોના પ્રમુખશ્રીઓએ હાજરી આપી હતી આ ઉપરાંત સૌરાષ્ટ્ર વિભાગના શ્રી લોહાણા મહાપરિષદના તમામ હોદ્દેદારો પણ હાજર રહ્યા હતા.

અત્રે શ્રી મહેન્દ્રભાઈ મશરૂ, શ્રી શરદભાઈ આડતીયા તથા અન્ય શ્રેષ્ઠીઓએ જુનાગઢ મુકામે વિશેષ સંમેલનનું આયોજન કરવા તેમજ સૌરાષ્ટ્રમાં ઘણી બધી જગ્યાઓએ બિસ્માર હાલતમાં પડી રહેલી સમાજની મિલકતો અંગે યોગ્ય કરવા માટે શ્રી પ્રવિણભાઈ કોટકને વિનંતી કરી હતી અને તે અભિયાનમાં તમામ જ્ઞાતિશ્રેષ્ઠીઓએ પોતાનો સાથ-સહકાર આપવાની ખાત્રી આપી હતી. આ પ્રસંગે પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક તેમજ મંત્રીશ્રી હિમાંશુભાઈ ઠક્કરે શ્રી લોહાણા મહાપરિષદના આગામી પ્રકલ્પો વિષે વિસ્તારપૂર્વક માહિતી આપી હતી તેમજ શ્રી પ્રવિણભાઈ કોટકે તમામ મહાજનોનું પુસ્તક અને ફૂલહારથી અભિવાદન કર્યું હતું. તમામ મહાજનના પ્રમુખશ્રીઓએ પણ પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. લગભગ રાત્રે ૮.૩૦ કલાકે સૌ ભોજન પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

**સંકલન : પાર્થ ગીરીશભાઈ કોટેચા**

**ભુજ :**

શ્રી અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેના દ્વારા મેગા રઘુવીર ખેલ મહાકુંભ – ૨૦૧૬નું આયોજન તા. ૨૮-૨-૨૦૧૬ના રોજ કરાયેલ આ સમાપન સમારંભમાં તમામ વિજેતા ઉમેદવારોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શ્રી ગીરીશભાઈ કોટેચા, શ્રી કે. સી. ઠક્કર સહિત અન્ય મહાનુભાવોએ સૌ યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા.

**સંકલન : મયંક રૂપારેલ અને મીત ઠક્કર**

**આદીપુર :**

શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન દ્વારા તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૬ ને રવિવારના લીલાશાહ કુટિયા આદીપુર મુકામે ૧૯મો સમૂહલગ્નોત્સવ અત્યંત સફળતાપૂર્વક યોજાયો જેમાં ૨૨ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા.

**સંકલન : કે. સી. ઠક્કર**

**ગાંધીનગર :**

ઉત્તર ગુજરાત દેશી લોહાણા સમાજ દ્વારા તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૬ ને રવિવારના ગાંધીનગર મુકામે સમૂહલગ્નોત્સવ અત્યંત સફળતાપૂર્વક યોજાયો હતો.

**સંકલન : પોપટલાલ અખાણી, ભાભર**

**રાજકોટ :**

આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનમાં સૌરાષ્ટ્રમાંથી તમામ જ્ઞાતિશ્રેષ્ઠીઓને પધારવા માટે પ્રેસ કોન્ફરન્સનું આયોજન હોટલ ફર્ન ખાતે કરવામાં આવેલ જેમાં રાજકોટ તથા આસપાસના વિસ્તારના તમામ પત્રકાર મિત્રોએ હાજરી આપી હતી. આ માટેની સુંદર વ્યવસ્થા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ (સંગઠન) શ્રી નીતીનભાઈ રાયચુરા દ્વારા કરવામાં આવેલ.

**સંકલન : મિતલ ખેતાણી, રાજકોટ**

**આધોઈ :**

શ્રી મીરાણી કુળદેવી બુટભવાની ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૨૯-૨-૨૦૧૬ના રોજ બપોરે ૩.૦૦ કલાકે જનરલ મીટીંગ તથા મીરાણી પરિવારનો સત્કાર સમારંભ યોજાયો જેમાં જ્ઞાતિશ્રેષ્ઠીઓનું સન્માન તેમજ તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોના સન્માનનો કાર્યક્રમ યોજાયો.

**સંકલન : ધીરજલાલ એન. મીરાણી (ટ્રસ્ટ)**

**સુરત :**

જલારામ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા ૨૦મો સમૂહ લગ્નોત્સવ તથા યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ શ્રી ધનવાનભાઈ કોટકના પ્રમુખપદે ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે મોટી સંખ્યામાં જ્ઞાતિશ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા અને દાતાશ્રીઓએ પણ ઉત્સાહભેર યોગદાન આપ્યું હતું.

**સંકલન : શૈલેષભાઈ સોનપાલ**

**અમદાવાદ :**

શ્રી વિરબાઈમાઁ જન સેવા ટ્રસ્ટ દ્વારા સંત શિરોમણી પ.પૂ. વંદનીય શ્રી જલારામબાપાની ૧૩૫મી પૂણ્યતિથિ તા. ૪-૩-૨૦૧૬ના રોજ અમદાવાદ એજ્યુકેશન સોસાયટી ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે ઉજવાઈ હતી. સાંજે ૭-૧૫ કલાકે પૂ. જાનકીદાસબાપુ, શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી ઉમંગભાઈ ઠક્કર તથા અનેક શ્રેષ્ઠીઓ હાજર રહ્યા હતા. શ્રી પોપટબાપા, શ્રી અરૂણભાઈ, સુ શ્રી શિતલબેન તથા સમગ્ર પરિવાર દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવેલ જેમાં મોડીરાત સુધી લોકોએ ભજન અને ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

**સંકલન : હરીશભાઈ બુધ્ધદેવ**

**નાગપુર :**

શ્રી લોહાણા મહાપરિષદ નાગપુર દ્વારા પરિચય સંમેલન યોજાયું. જેમાં વિવાહ ઉત્સુક યુવક-યુવતીઓ ઉત્સાહભેર જોડાયા હતા. આ પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ દાવડા, શ્રી કમલેશભાઈ વસાણી, શ્રી સંજયભાઈ પાઉ, શ્રી ચંદ્રકાન્તભાઈ પોપટ, શ્રી અજયભાઈ વડેરા સહિત વિવિધ વિસ્તારના જ્ઞાતિશ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**સંકલન : ભરતભાઈ ઠક્કર**

**આણંદ :**

શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહિલા સમાજ પ્રેરીત શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહિલા મંડળ દ્વારા રાંદલમાના લોટા તેડવાનો પ્રસંગ ઉજવાયો. જેમાં મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મંગળાબેન કારીયાના માર્ગદર્શન હેઠળ આયોજિત કાર્યક્રમમાં વડોદરાથી શ્રીમતી જયાબેન ઠક્કર, શ્રીમતી ધીરજબેન નાગરેચા, શ્રીમતી વર્ષાબેન ઠક્કર તેમજ શહેરના જ્ઞાતિશ્રેષ્ઠીઓએ હાજરી આપી હતી.

**સંકલન : જયેશભાઈ કારીયા, નરેન્દ્રભાઈ માણેક**




# તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૬ થી ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૬ સુધી પૂજ્ય ભાણસાહેબ સમાધિસ્થાન કમીજલા મુકામે યોજાયેલ રામકથા "માનસ રઘુવંશ" અત્યંત સફળતાપૂર્વક સંપન્ન











પૂજ્ય ભાણસાહેબ ચેતનસમાધિ સ્થાન કમીજલાના મહંત પૂ.શ્રી જાનકીદાસબાપુના અધ્યક્ષસ્થાને સદ્‌ગુરુ ભાણસાહેબ રામકથા સમિતિના મહિનાઓના અથાગ પ્રયત્નો અને સુંદર સંકલનથી નળકાંઠાના ગ્રામ્યવિસ્તારમાં પૂ.મોરારિબાપુની રામકથાનું અત્યંત ભવ્યાતિભવ્ય રીતે આયોજન થયું.

કથા દરમિયાન જાણે આખા નવા નગરનું નિર્માણ થયું હતું અને અંદાજે સાડા પાંચ લાખ લોકો ભોજન અને ભજનના સાક્ષી બન્યા હતા. આ આયોજનના સાક્ષી બનવા ભાગવતાચાર્ય પૂ. ભાઈશ્રી (રમેશભાઈ ઓઝા) તથા દેશભરના ધર્માચાર્યો, ગાદીપતિઓ, સંતો, મહાત્માઓ તેમજ નવા વરાયેલ ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ શ્રી વિજયભાઈ રૂપાણી, ગુજરાત ભાજપના પ્રભારી દિનેશભાઈ શર્મા, શ્રી ભીખુભાઈ દલસાણીયા, શ્રી કે.સી. પટેલ, શ્રી શંકરભાઈ ચૌધરી, શ્રી પુરૂષોત્તમ રૂપાલા, શ્રી નિતીનભાઈ પટેલ, શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી રજનીભાઈ પટેલ, શ્રી વાસણભાઈ આહીર, પ્રદીપસિંહ વાઘેલા તથા શ્રી કમાભાઈ ભરવાડ સહિત અનેક રાજકીય નેતાઓ તેમજ દેશવિદેશના રઘુવંશી સમાજના શ્રેષ્ઠીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ આયોજનના મુખ્ય યજમાન શ્રી ગીરીશભાઈ છોટાલાલ ઠક્કરે પણ આ પ્રસંગે પોતાની ખુશી વ્યક્ત કરી હતી અને ધન્યતા અનુભવી હતી.

સદ્‌ગુરુ ભાણસાહેબ રામકથા સમિતિ વતી
સંકલન : વિનોદભાઈ ગોકલાણી, નરેશભાઈ ઠક્કર

**RNI NO. : GUJ/GUJ/2011/44815**
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th March 2016

શ્રી કનુભાઈ ગોરધનભાઈ ઠક્કર પરિવાર તરફથી
શ્રી લોહાણા મહાપરિષદને ખૂબ ખૂબ શુભેચ્છા
સાથે જયશ્રી સ્વામીનારાયણ

KM

# કામધેનુ મોટર્સ

દરેક બ્રાન્ડની જૂની તથા નવી ગાડીઓ લેવા
તથા વેચવા માટેનું એકમાત્ર વિશ્વસનીય સ્થળ
૧૦૦થી વધુ નવા જેવી ગાડીઓનું એક જ સ્થળે ડિસ્પ્લે

ઇન્ફીનીયમ ટોયેટા અને દિવ્ય ભાસ્કર સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦ ૦૫૧.
બ્રાન્ચ : જી-૧૫, શાંતા સાગર, દર્પણ છ રસ્તા, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪.
Email : kamdhenu_motors@yahoo.in
www.kamdhenumotors.in

મૌલેશ ઠક્કર
મો. : ૯૮૨૫૦૭૭૫૦૩

ધવલ ઠક્કર
મો. : ૯૮૨૫૦૭૭૫૩૦

પરીવારના સભ્યોને ખાસ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**President, Printer and Publisher :** Pravinbhai Kotak, **Editor :** Tarun Dattani
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon temple, S G Highway, Satellite, Ahmedabad - 380015 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)